# ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી વર્ષ
# જનજાતિય ગૌરવ દિવસ-2024

નિમિત્તે

**આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય-ગાંધીનગર,**
**કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન-ગાંધીનગર**
**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન-ગાંધીનગર**
**જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી- છોટા ઉદેપુર અને પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી- છોટા ઉદેપુર**

સંયુક્ત ઉપક્રમે આયોજિત

# "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"

## કાર્યક્રમ અહેવાલ

તા.2-3 ડિસેમ્બર, 2024





અહેવાલ લેખન- ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી- ગાંધીનગર





કાર્યક્રમનું સ્થળ

એસ. એન. કોલેજ ગ્રાઉન્ડ, જીલ્લો-છોટા ઉદેપુર

# "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"

## <u>કાર્યક્રમ અહેવાલ</u>



ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી વર્ષ અને જનજાતિય ગૌરવ દિવસ-2024 નિમિત્તે તા.2-3 ડિસેમ્બર, 2024 ના દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગ- ગાંધીનગર, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી- ગાંધીનગર અને ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી- ગાંધીનગર, જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી- છોટા ઉદેપુર અને પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી- છોટા ઉદેપુરના સંયુક્ત ઉપક્રમે "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024" કાર્યક્રમ એસ. એન. કોલેજ ગ્રાઉન્ડ, જીલ્લો- છોટા ઉદેપુર ખાતે યોજાઈ ગયો.

આ મહોત્સવનો શુભારંભ છોટા ઉદેપુર ખાતે આવી પહોંચેલ "અમૃત કુંભ મહોત્સવ રથ"નું આગમન અને સ્વાગત આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરના હસ્તે ફૂલોથી કરવામાં આવ્યું. ત્યાર બાદ આ મહોત્સવમાં પધારેલ અધ્યક્ષશ્રી, મહાનુભાવો મહેમાનો દ્વારા ભગવાન બિરસા મુંડા, ગુરુ ગોવિંદ અને આદિવાસી દેવી-દેવતાઓનું પૂજન કરવામાં આવ્યું. ત્યાર પછી જિલ્લા કલેક્ટરશ્રી, છોટા ઉદેપુર અને પ્રાયોજના વહીવટદારશ્રી, છોટા ઉદેપુર દ્વારા સૌ મહાનુભાવોને શાબ્દિક આવકાર આપી, પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.





છોટા ઉદેપુર ખાતે "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"નું ઉદઘાટન આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરના હસ્તે કરવામાં આવ્યું. ડો.કુબેરભાઈએ પોતાના ઉદબોધનમાં સૌપ્રથમ આદિવાસી સમુદાયના ભાઈઓ-બહેનોને 'ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી વર્ષ'ની ઉજવણી અને 'આદિવાસી ગૌરવ દિવસ' નિમિત્તે સૌને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ અભિનંદન આપ્યા અને શુભેચ્છાઓ પાઠવી.



તેઓએ વધુમાં જણાવ્યું કે આજે આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલીકૃત છે અને બીજી નવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, જેમકે પીએમજનમન અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ યોજના વગેરેનો સમાવેશ થાય છે. આજે 'અમૃત કુંભ મહોત્સવ રથ' દ્વારા 14 આદિવાસી જિલ્લાઓ અને 54 આદિવાસી તાલુકાઓમાં ફરીને આદિવાસી સમુદાયના લોકોને વિવિધ સરકારી યોજનાઓથી માહિતગાર અને જાગૃત કરવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ અને સીધો લાભ આપવામાં આવી રહ્યો છે. આવાસ વિહોણા આદિવાસી પરિવારો માટે પીએમ આવાસ યોજનાનો લાભ, આદિવાસી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વિકાસની યોજનાઓ(શિષ્યવૃત્તિની યોજનાઓ અને ફ્રી શિપ કાર્ડ યોજના)નો લાભ, આદિવાસી ખેડૂત કુટુંબો માટે ખેતી અને પશુપાલનની વિવિધ યોજનાઓ દ્વારા આદિવાસી લાભાર્થીઓને સીધી સહાયનો લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે.



આ કાર્યક્રમમાં છોટા ઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શ્રીમતી મલકાબેન પટેલ, કવાંટના ધારાસભ્યશ્રી જયંતીભાઈ રાઠવા, સંખેડાના ધારાસભ્યશ્રી અભેસિંગ તડવી, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી નારણભાઈ રાઠવા, પૂર્વ સંસદ શ્રી ગીતાબેન રાઠવા, ગુજરાત આદિજાતિ મોરચાના પ્રમુખશ્રી અર્જુનભાઈ ચૌધરી, ટી.આર.આઈ.ના નિયામકશ્રી ડો.સી.સી. ચૌધરી, જિલ્લા કલેક્ટરશ્રી અનિલભાઈ ધામેલીયા, પ્રાયોજના અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન કુમાર, જિલ્લા પંચાયતની વિભિન્ન સમિતિના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, તાપી અને વડોદરા જિલ્લામાંથી ૫૦૦૦ થી વધુ આદિવાસી સમુદાયના લોકો સહભાગી થયા હતા.




આ કાર્યક્રમમાં આદિવાસી લાભાર્થી ભાઈઓ-બહેનોને વિવિધ યોજનાઓની સહાય વિતરણ કરવામાં આવી હતી તેમજ આદિવાસી રમત વીરોને વિવિધ એવોર્ડ તેમજ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તિનું પ્રશસ્તિ પત્રથી સન્માન કરવામાં આવ્યું હતું.

આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર, મહાનુભાવો, મહેમાનો અને સરકારી અધિકારીશ્રીઓએ આદિવાસી હસ્ત કલાકારો, વૈદુ ભગતો અને સરકારી વિભાગો દ્વારા લગાવવામાં આવેલા વિવિધ સ્ટોલ જેમકે આદિવાસી હસ્તકલાકૃતિ, વન ઔષધિ, ટ્રાઇબલ મિલેટ્સ (આદિવાસી આહાર), મોટી કામ, માટી કામ, વાસ કામ, આદિવાસી ચિત્રકલા (પીઠોરા અને વારલી), જન સેવા કેન્દ્ર, આરોગ્ય સેવાના સ્ટોલો વગેરેની મુલાકાત લઈને સૌની સાથે વાર્તાલાપ કરીને પ્રોત્સાહિત કર્યા હતા.



તા.2-12-2024 ના રોજ પ્રથમ સેમિનાર સત્રમાં ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરીએ "ભગવાન બિરસા મુંડાનું જીવન અને યોગદાન" વિષય પર વ્યાખ્યાન આપતા જણાવ્યું કે બિરસા મુંડાએ 25 વર્ષની ખૂબ જ નાની ઉંમરે ભારત દેશ અને આદિવાસી સમુદાયને પ્રેરણા આપે તેવું જીવન જીવી ગયા છે. બિરસા મુંડાએ તે સમયે શાહુકારો, જમીનદારો અને અંગ્રેજો દ્વારા થતા શોષણ, અત્યાચાર અને અન્યાય સામે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આદિવાસી સમુદાયના જળ, જમીન, જંગલો ઉપર અધિકારનો ભોગવટો કરી શકે તે માટે આદિવાસી સમુદાયને જાગૃત કરવાનું અને સંગઠિત કરવાનું કાર્ય કર્યું હતું. બિરસા મુંડાએ અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો સામેની લડતમાં શહીદી વહોરી હતી. ભગવાન બિરસા મુંડાને આજે ભારત દેશ અને આદિવાસી સમુદાયમાં એક વીર યોદ્ધા અને સ્વતંત્રતા સેના તરીકેની ઓળખ મળી છે.




છોટા ઉદેપુર જિલ્લાના આરોગ્ય કચેરીના એપેડેમીક શાખાના મેડિકલ ઓફિસર ડો.ગણેશ ચૌધરી એ 'સિકલ સેલ અંગે જાગૃતિ અને માર્ગદર્શન', શ્રોફ ફાઉન્ડેશનના રિઝયોનલ હેડશ્રી ગીરીશભાઈ પાઠક દ્વારા 'ઓર્ગેનિક ફાર્મિંગ (સજીવ ખેતી)', કામધેનુ યુનિવર્સિટી-આણંદના મદદનીશ સંશોધક વૈજ્ઞાનિકશ્રી ડો.પ્રવીણ એમ. લુણાગરિયા એ 'પશુપાલન અંગે માર્ગદર્શન' વિષય પર વ્યાખ્યાન દ્વારા માર્ગદર્શન અને માહિતી પૂરી પાડી હતી.



તા.3-12-2024 ના રોજ બીજા દિવસના સેમિનાર સત્રમાં છોટા ઉદેપુર જિલ્લાના કલેકટરશ્રી અનિલભાઈ ધામેલીયાએ 'આદિવાસી યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન', શ્રી આઈ. જી. શેખ (એસ.પી.એસ., સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ)એ ‘પોલીસ અને મિલેટરીમાં ભરતી પ્રક્રિયા અને પરીક્ષા’, પ્રાયોજના કચેરી, છોટા ઉદેપુરના પ્રોજેક્ટ ઓફિસરશ્રી વિમલભાઈ ડામોર દ્વારા 'આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓની માહિતી', આંતરરાષ્ટ્રીય ખેલાડીશ્રી પાયલબેન રાઠવા દ્વારા 'રમત-ગમત ક્ષેત્ર કારકીર્દી માર્ગદર્શન' ટી.આર.આઈ.ના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરીએ ‘આદિવાસી શિક્ષણ સંદર્ભે વિદ્યાર્થીઓ સંવાદ’ વિષય પર વ્યાખ્યાન અને માર્ગદર્શન આપ્યું હતું.



આ મહોત્સવ કાર્યક્રમમાં આદિવાસી સમુદાયની સંસ્કૃતિ અને કલાની ઉજાગર કરતા વિવિધ આદિવાસી નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વિવિધ આદિવાસી નૃત્યોમાં રાઠવા નૃત્ય, ઢોલ નૃત્ય, દિવાસા નૃત્ય, ઘેરૈયા નૃત્ય, ગૈર નૃત્ય, ધુમ્મર નૃત્ય વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. આદિવાસી નૃત્યોની પ્રસ્તુતિ દ્વારા આદિવાસી નૃત્યોમાં ભાઈઓ-બહેનોનો પરંપરાગત પહેરવેશ, નૃત્યોના ચાળાઓ, વાદ્ય-વાજિંત્રો અને નૃત્યની શૈલીના દર્શન થયા હતા.

આ ઉપરાંત ભગવાન બિરસા મુંડાના જીવન આધારિત દસ્તાવેજી ફિલ્મ અને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ બંને દિવસના કાર્યક્રમમાં અંતે છોટા ઉદેપુર જિલ્લાના પ્રાંત અધિકારીશ્રી દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.




**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર**